# હોસ્પિટલ ઓર્ડર દ્વારા નિયંત્રણો સાથે હોસ્પિટલમાં પ્રવેશ

(1983ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમો 37 અને 41)

| | |
|---|---|
| 1. દર્દીનું નામ | |
| 2. તમારી સારવારનો હવાલો સંભાળનાર વ્યકિતનું નામ (તમારા 'જવાબદાર ચિકિત્સક') | |
| 3. હોસ્પિટલ અને વોર્ડનું નામ | |
| 4. તમારા હોસ્પિટલ ઓર્ડરની તારીખ | |

## હું શા માટે હોસ્પિટલમાં છું?

તમને કોર્ટના હુકમથી આ હોસ્પિટલમાં રાખ્યા છે. કોર્ટે જણાવ્યું છે કે તમને 1983ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 37 હેઠળ અહીં રાખી શકાશે.

આને 'હોસ્પિટલ ઓર્ડર' કહેવાય છે. તેનો અર્થ એ છે કે બે ડોકટરોએ કોર્ટને જણાવ્યું છે કે તેઓને લાગે છે કે, તમને માનસિક વિકૃતિ છે અને તમારે હોસ્પિટલમાં રહેવાની જરૂર છે.

જાહેર સલામતીનાં કારણોસર, કોર્ટે પણ માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 41 અન્વયે તમને પણ નિયંત્રણ ઓર્ડર આપ્યો છે.

## નિયંત્રણ ઓર્ડર શું છે?

નિયંત્રણ ઓર્ડર એટલે ન્યાય માટેના રાજ્યના સચિવ અથવા ટ્રિબ્યુનલ જણાવે કે તમને રજા આપી શકાશે તે સિવાય, તમે હોસ્પિટલમાંથી રજા આપી શકાશ નહીં, અને તમારી રજા અમુક શરતોને અધીન રહી શકે, જે તમને નજીકના સમયમાં સમજાવવામાં આવશે. તમે હોસ્પિટલમાં હોવ તે દરમિયાન તમારી સંભાળનો હવાલો સંભાળનાર વ્યકિતએ (તમારા જવાબદાર ચિકિત્સક) તમે કામચલાઉ રજા પર જાવ કે તમને બીજી હોસ્પિટલમાં મોકલે તે પહેલાં શાખાના સચિવની સંમતિ મેળવવી જોઈશે. તેઓએ તમને પણ તપાસવા જોઇશે અને તમારા વિષેનો અહેવાલ વર્ષમાં એક વખત રાજ્યના સચિવને મોકલવો જોઈશે.

## હું અહીં કેટલો સમય રહીશ?

તમારા જવાબદાર ચિકિત્સકને લાગશે કે કયારે તમે હોસ્પિટલ છોડી જવા પૂરતા સારા થઈ ગયા છો તો તમને જાણ કરશે. ત્યાર પછી તેઓ ન્યાય માટેના રાજ્યના સચિવને સંમતિ મેળવવા પૂછશે. રાજ્યના સચિવ સંમત ન થાય સુધી તમે, હોસ્પિટલ છોડી જઈ શકશો નહીં. તમે હોસ્પિટલ છોડી જવાનો પ્રયત્ન કરશો તો સ્ટાફ તમને અટકાવી શકશે, અને છોડી જશો તો તમને પાછા લાવી શકાશે.

## મને કઈ સારવાર અપાશે?

તમારા જવાબદાર ચિકિત્સક અને અન્ય હોસ્પિટલ સ્ટાફ તમારી માનસિક વિકૃતિ માટે તમારે કોઈ સારવારની જરૂર હોય તો તે અંગે તમારી સાથે વાત કરશે. મોટાભાગના કેસોમાં તમારે તેમની સલાહ લેવાની રહેશે.

ત્રણ મહિના પછી, તમારી માનસિક વિકૃતિ માટે તમને આપવામાં આવ રહેલી કોઈપણ દવા કે ઔષધ અંગે ખાસ નિયમો છે. તમે દવા કે ઔષધ લેવા ન માગો, અથવા તમે એટલા બધા માંદા હોવ કે તમે તે લેવા માગો છો કે કેમ તે નક્કી ન કરી શકો, તો આ હોસ્પિટલના ન હોય તેવા ડોકટર તમારી મુલાકાતે આવશે. આ સ્વતંત્ર ડોકટર તમારી સાથે અને તમને જાણતા હોસ્પિટલના સ્ટાફ સાથે વાત કરશે. સ્વતંત્ર ડોકટર નક્કી કરશે કે તમને કઈ દવા અને ઔષધ આપી શકાય. સંકટકાલિન સ્થિતિ હોય તે સિવાય, આ જ દવા અને ઔષધો તમને તમારી સંમતિ વિના આપી શકાશે.

આ સ્વતંત્ર ડોકટરને SOAD (બીજા અભિપ્રાય માટે નિયુકત ડોકટર) કહેવાય છે અને સ્વતંત્ર કમિશન દ્વારા તેમની નિમણૂક થાય છે, જે માનસિક આરોગ્ય અધિનિયમનો કેવી રીતે ઉપયોગ થાય તેના પર દેખરેખ રાખે છે.

કેટલીક ખાસ સારવારો, જેવી કે ઈલેકટ્રો-કન્વલસિવ ઉપચાર (ECT) માટે જુદા જુદા નિયમો છે. સ્ટાફને લાગે કે આ ખાસ સારવાર તમને જરૂરી છે, તો તમને નિયમો સમજાવવામાં આવશે અને અન્ય પત્રિકા આપવામાં આવશે.

## શું હું અપીલ કરી શકું?

હા. તમે કોર્ટને કહી શકો કે તમારો કેસ ફરીથી તપાસે. તમે આમ કરવા માગો તો તમારે તે તાત્કાલિક કરવું જોઇશે, અને તમને મદદ કરવા સોલિસિટરને કહેવું તે ઉત્તમ છે. હોસ્પિટલ સ્ટાફને આ અંગે જણાવો અને તેઓ તમને બીજી પત્રિકા આપશે.

તમારા હોસ્પિટલના ઓર્ડરને છ મહિના માટે યથાવત રાખવામાં આવે પછી, તો તમે ટ્રિબ્યુનલને પણ કહી શકો કે તમને હોસ્પિટલમાં ન રાખવા જોઇએ.

## ટ્રિબ્યુનલ શું છે અને શું થાય છે?

ટ્રિબ્યુનલ એ સ્વતંત્ર પેનલ છે, જે નક્કી કરી શકે કે તમને હોસ્પિટલ છોડી જવાની છૂટ આપવી કે કેમ. તે તમારી અને તમને જાણતા હોસ્પિટલના સ્ટાફ સાથે બેઠક યોજશે. આ બેઠકને 'સુનાવણી' કહે છે. તમે ઈચ્છો, તો સુનાવણીમાં તમને મદદ કરવા બીજા કોઈને તમે બોલાવી શકો. સુનાવણી પહેલાં, ટ્રિબ્યુનલના સભ્યો હોસ્પિટલમાંથી તમારા અને તમારી સંભાળ અંગેના અહેવાલો વાંચશે. ટ્રિબ્યુનલના સભ્યો પૈકી એક તમારી સાથે વાત કરવા પણ આવશે.

## હું ટ્રિબ્યુનલને કયારે અરજી કરી શકું?

તમારા હોસ્પિટલના ઓર્ડરને છ મહિના માટે યથાવત રાખવામાં આવે તો તમે પછીના છ મહિના દરમિયાન એક વખત ટ્રિબ્યુનલને અરજી કરી શકો છો. ત્યારપછી તમે દર વર્ષે એક વખત ફરીથી અરજી કરી શકો કે, તમને હોસ્પિટલમાં રાખ્યા છે.

તમે ટ્રિબ્યુનલને અરજી કરવા માંગો તો તમે નીચેના સરનામે લખી શકો:

The Tribunals Service
PO BOX 8793
5th Floor
Leicester
LE1 8BN ટેલિ: 0845 2232022

તમે તમારા વતી ટ્રિબ્યુનલને લખવા અને સુનાવણી વખતે તમને મદદ કરવા સોલિસિટરને જણાવી શકો. હોસ્પિટલ અને લો સોસાયટી પાસે આ માટે નિષ્ણાત સોલિસિટરોની યાદી હોય છે. તમારે આ માટે સોલિસિટરની મદદ મેળવવા ચુકવણી કરવાની રહેશે નહીં. કાનૂની સહાય યોજના હેઠળ સહાય વિનામૂલ્યે અપાય છે.

## તમારા પત્રો

તમે હોસ્પિટલમાં હોવ તે દરમિયાન તમને મોકલેલા બધા પત્રો તમને આપવામાં આવશે. જેમણે તમારા પત્રો લેવા માગતા નથી એમ જણાવ્યું હોય તે સિવાય તમે કોઈને પણ પત્રો મોકલી શકશો. હોસ્પિટલ સ્ટાફ આ લોકોને પત્રો મોકલવાનું અટકાવી શકશે.

## આચાર સંહિતા

આચાર સંહિતા, માનસિક આરોગ્ય અધિનિયમ અંગે હોસ્પિટલના સ્ટાફને અને માનસિક વિકૃતિ માટે સારવાર કરનાર લોકોને સલાહ આપે છે. સ્ટાફ તમારી સંભાળ અંગે નિર્ણયો લે ત્યારે આચાર સંહિતા શું કહે છે તેને સ્ટાફે વિચારણામાં લેવાની રહે છે. તમે ઈચ્છો, તો તમે સંહિતાની નકલ જોવાનું પૂછી શકો.

## હું કેવી રીતે ફરિયાદ કરું?

તમે, હોસ્પિટલમાં તમારી સંભાળ અને સારવાર બાબત કોઈપણ કરવા ફરિયાદ કરવા માગો, તો સ્ટાફના સભ્ય સાથે વાત કરવા વિનંતી. તેઓ આ બાબતનો નિકાલ કરી શકશે. તેઓ તમને હોસ્પિટલની ફરિયાદ કાર્યપદ્ધતિ વિષે પણ માહિતી આપી શકશે, અને તમે સ્થાનિક ઠરાવ કહેવામાં આવે છે તેની મારફત તમારી ફરિયાદનો નિકાલ લાવવાનો પ્રયત્ન કરવા તમે તેનો ઉપયોગ કરી શકશો. તેઓ ફરિયાદ કરવામાં તમને મદદ કરી શકે તેવા બીજા કોઈ લોકો અંગે પણ તમને જણાવી શકશે.

તમને લાગે કે હોસ્પિટલની ફરિયાદ કાર્યપદ્ધતિ તમને મદદ કરી શકશે નહીં, તો તમે સ્વતંત્ર કમિશનને ફરિયાદ કરી શકો. 1983ના માનસિક આરોગ્ય અધિનિયમનો સાચી રીતે ઉપયોગ કરાય છે અને દર્દીઓ હોસ્પિટલમાં હોય ત્યારે યોગ્ય રીતે સંભાળ રખાય છે તેની ખાતરી કરવા, અધિનિયમનો જે રીતે ઉપયોગ કરાય તેના પર કમિશન દેખરેખ રાખે છે. કમિશનનો કેવી રીતે સંપર્ક કરવો તે સમજાવતી પત્રિકા, હોસ્પિટલ સ્ટાફ તમને આપી શકશે.

## વધુ મદદ અને માહિતી

તમને તમારી સંભાળ અને સારવાર અંગેની કોઈ વસ્તુ ન સમજાતી હોય, તો સ્ટાફનો સભ્ય તમને મદદ કરવા પ્રયત્ન કરશે. આ પત્રિકામાં તમને ન સમજાય તેવી કોઈ વસ્તુ હોય, અથવા આ પત્રિકામાં જેનો જવાબ ન હોય તેવા બીજા કોઈ પ્રશ્નો તમને હોય તો તે સમજાવવા સ્ટાફના સભ્યને કહેવા વિનંતી.

તમારે બીજા કોઈ માટે આ પત્રિકાની નકલ જોઈતી હોય તો જણાવવા વિનંતી.